# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


જા. નં. : જીટીયુ/હસબ/પરિપત્ર/વિ.૧૫/૧૦૨૭૨ પરીક્ષા એડવાન્સનાં હિસાબો સરભર કરવા બાબત

**પરિપત્ર :** ૦૬.૧૧.૨૦૧૫

યુનિવર્સીટી દ્વારા પરીક્ષા સંચાલન અર્થે એડવાન્સની ફાળવણી કરવામાં આવતી હોય છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ યુનિવર્સીટી દ્વારા ફાળવવામાં આવેલ એડવાન્સનાં હિસાબો યુનિવર્સીટી તરફથી અગાઉની પરીક્ષામાં આપવામાં આવેલ ખર્ચપત્રકો મુજબ હિસાબો સરભર કરવાના થાય છે, પરંતુ તેમછતાં કેટલીક સંસ્થાઓ દ્વારા નિયત નમુના મુજબ સમયસર હિસાબો ન મોકલાતાં હિસાબો સરભર કરવામાં વિલંબ થાય છે, જેના કારણે ઓડીટ વિગેરે જેવા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. પરીક્ષાલક્ષી તમામ બીલોના સમયસર ચુકવણા થાય તેવી સુચારુ વ્યવસ્થા યુનિવર્સીટી દ્વારા ગોઠવવામાં આવેલી છે આથી તમામ સંસ્થાઓને જણાવવામાં આવે છેકે યુનિવર્સીટીની તમામ વિદ્યાશાખાની શિયાળુ સત્ર પ્રાયોગિક અને થીયરી પરીક્ષા-૨૦૧૫ની શરૂઆત માહે ઓક્ટોબર - ૨૦૧૫થી થયેલ છે. સદર પરીક્ષાઓનાં સુચારુ સંચાલન અર્થે દરેક સંસ્થાને એડવાન્સ રકમની ફાળવણી કરવામાં આવેલ છે, જે અંગેની જાણ સબંધિત સંસ્થાને પત્રથી અને ઈમેઈલથી કરવામાં આવેલ છે. સદર એડવાન્સ રકમનો હિસાબ નીચે જણાવેલ મુદ્દા પ્રમાણે પરીક્ષા પૂર્ણ થયાના દિન – ૧૦માં રૂબરૂમાં આવીને નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખીને જમા કરાવવાના રહેશે.

(૧) તમામ હિસાબો યોગ્ય રીતે ફાઈલિંગ કરી, ફાઈલ પર સામેલ રાખેલ નમુના મુજબ સ્ટીકર લગાવી રજુ કરવાના રહેશે,

(૨) હિસાબોમાં સામેલ રાખેલ ખર્ચની યાદી/ચુકવણાનાં બીલો વિગેરે તમામ સામેલ રાખેલ યુનિવર્સીટી દ્વારા માન્ય કરેલ સામેલ ફોર્મેટ નકલમાં હોવા જરૂરી છે,

(૩) હિસાબો તમામ બિલોની તારીખ (મહિના)વાર/બીલ નંબર વાર સમરી મુજબ શરૂઆતથી ગોઠવણી કરવાની રહેશે,

(૪) તમામ ચુકવણા યુનિવર્સીટીનાં સંલગ્ન આખરી પરિપત્રો મુજબના દરે થયા હોવા જરૂરી છે,

(૫) હિસાબોમાં જે તે કોલેજના આંતરિક તજજ્ઞો (જેમકે જીટીયુ કોઓર્ડીનેટર, પટ્ટાવાળા વિગેરે)ના બીલો સામેલ કરવાના રહેતા નથી પરંતુ તેની સામેલ રાખેલ નમુના મુજબની ચૂકવવાપાત્ર રકમની નામજોગ યાદી તેમજ નાણા ચૂકવ્યા અંગેની સહી મેળવી કેન્દ્ર સંચાલક તથા યુનિવર્સીટી કોઓર્ડીનેટર દ્વારા પ્રમાણિત કરી સામેલ રાખવી જરૂરી છે




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati - Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 232 67 500 Fax : +91 - 79 232 67 580
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : + 91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4 Electronic Estate G.I.D.C., Nr. Goverment Polytechnic, Sector-26, Gandhinagar - 382 028 Gujarat. e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)
ESTD - 2007

તથા કોઈ વ્યક્તિ વતી રકમ કોઈ વ્યક્તિના નાણાં મેળવવા સહી કરી હોય તો ઓથોરીટી લેટર જોડવો,

૬) હિસાબો સાથે પ્રમાણિત થયેલા કાર્યક્રમલક્ષી આકડાઓ જેમકે વિદ્યાર્થીઓની કુલ સંખ્યા, બ્લોકની કુલ સંખ્યા, સેશન ની કુલ સંખ્યા, પ્રશ્નપત્રોનાં પાનાની સંખ્યા (પેજ કાઉન્ટ) વિગેરેની પ્રમાણિત યાદી સામેલ કરવાની રહેશે,

૭) હિસાબોની ફાઈલ કોલેજ કોડ મુજબ અલગ અલગ રજુ કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સદર હિસાબોમાં સામેલ રાખેલ તમામ બીલો તથા સંલગ્ન યાદીઓ સંસ્થાએ અસલમાં રજુ કરવાના રહેશે તથા જે તમામ કેન્દ્ર સંચાલક તથા યુનિવર્સીટી કોઓર્ડીનેટર દ્વારા પ્રમાણિત થયેલ હોવા જરૂરી છે. દરેક સંસ્થાએ ઉપરોક્ત તબક્કા/માળખાને ચુસ્તપણે અમલમાં મુકવાનું રહેશે જેથી સત્વરે અત્રેથી ફાળવેલ એડવાન્સને સરભર કરવા સબબની કામગીરી સુચારુરૂપે પૂર્ણ કરી નાણા ઔચિત્યનાં સિદ્ધાંતો જાળવી ઓડીટ વાંધાઓને નિવારી શકાય, હિસાબો નિયત નમુના મુજબ ના મોકલાતા હિસાબી મેળવણાની કામગીરીમાં વિલંબ થયેથી જવાબદારી કેન્દ્ર સંચાલક તથા યુનિવર્સીટી કોઓર્ડીનેટરની વ્યક્તિગત રહેવા પામશે, જેની નોંધ લેશો. સદર હિસાબો સાથે જો સંસ્થાએ તફાવતની રકમ યુનિવર્સીટીને પરત જમા કરાવવાની થતી હોય તો સદર રકમનો ડીમાંડ ડ્રાફ્ટ "ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી" અમદાવાદ મથકનો સામેલ રાખવો જરૂરી છે અન્યથા સંસ્થા દ્વારા અત્રે હિસાબો પૂર્ણતઃ જમા થયેલ નથી એમ માનવામાં આવશે તથા આવા હિસાબો અત્રે સ્વીકારવામાં આવશે નહી, જેની નોંધ લેશો.

રાજપૂત

(ડૉ.રામસિંહ રાજપૂત)
કા.કુલસચિવ
(મો.૯૯૦૯૯૮૦૦૪૬)

<u>જરૂરી બિડાણો</u> : ઉપર મુજબ સામેલ.

<u>નકલ રવાના</u> : (જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂં)

૧. તમામ કોલેજો,
૨. પરીક્ષા નિયામક,
૩. આંતરિક અન્વેષણ વિભાગ,
૪. હિસાબી શાખા.

*Winners of : ICT Enabled University Award E-India - 2009 ❖ Manthan Award - 2009 ❖ GESIA Award - 2011 ❖ Digital Learning WES - 2011 Award ❖ AIMS International Innovative University Award - 2013*

**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati - Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 232 67 500 Fax : +91 - 79 232 67 580
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : + 91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4 Electronic Estate G.I.D.C., Nr. Goverment Polytechnic, Sector-26, Gandhinagar - 382 028 Gujarat.
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in